બાળકો અને
નવયુવાનો માટે

રબીઉલ અવ્વલ હી.સ. ૧૪૩૩,
ફેબ્રુઆરી - ૨૦૧૨

# હાદી
માસિક




અંક
૪૦

રૂા.
૩૦/-

# કુરઆનમાં આસમાની કિતાબોના નામ



| | | |
|---|---|---|
| ૧. ઈન્જીલ | હઝરત ઈસા. અ.સ. | સુરએ આલે ઈમરાન આયત-૩ |
| ૨. તૌરાત | હઝરત મૂસા અ.સ. | સુરએ આલે ઈમરાન આયત-૩ |
| ૩. ઝબૂર | હઝરત દાઉદ અ.સ. | સુરએ આલે ઈમરાન આયત-૩ |
| ૪. સોહેફે ઈબ્રાહીમ | હઝરત ઈબ્રાહીમ અ.સ. | સૂરએ આઅલા આયત-૧૯ |
| ૫. સોહેફે મૂસા | હઝરત મૂસા અ.સ. | સૂરએ નઝમ આયત ૩૬ અને સૂરએ આઅલા આયત-૧૯ |
| ૬. કુરઆન | હઝરત મુહમ્મદ મુસ્તફા સ.અ.વ. | સૂરએ બકરાહ આયત ૧૮૫ |



E-mail : hadimasik@yahoo.com

بسم الله الرحمن الرحيم

## રબીઉલ અવ્વલ હીજરી સન ૧૪૩૩,
## ફેબ્રુઆરી - ૨૦૧૨


**ઝેરે સરપરસ્તી હઝરતે હુજ્જત**

અરવાહોના ફિદાહ, અજ્જલલ્લાહો તઆલા ફરજહુશ્શરીફ

**મર્હુમ જનાબ મૌલાના આબીદ હુસૈન રીઝવી**

સાહેબની યાદમાં

ધર્મ પ્રચારક-પ્રખર વિદ્વાન-કૌમના સંનિષ્ઠ સેવક :

**આલી જનાબ મુખ્તારઅબ્બાસ વસાયા**

મુદ્દઝિલ્લહૂની નિગરાનીમાં

મુખ્ય તંત્રી :

**સૈયદ મોહમ્મદ રઝા ગરવી**

કાર્યવાહક તંત્રી :

**સૈયદ મોહમ્મદ અખ્તર**

સહાયકો :

**અહમદ રઝા ઝુરારહ**

**તાલીમરઝા અજમેરી**

**એહસાનઅલી રીઝવી**

અનુવાદક :

**સૈયદ મોહમ્મદ ફાઝિલ બુખારી**

આઈ.એ.એસ. (નિવૃત્ત)

શુશોભન :

(Skype Graphics) સાજીદ પંજ

9898013082

E-mail : sajidpanj@yahoo.in

**વિગતો માટે સંપર્ક :**

યુરોપ, અમેરીકા અને કેનેડા માટે :

**અલ્હાજ મુખ્તાર અબ્બાસ સાહબ વસાયા**

**Mukhtar Abbas Vasaya**

91, Longthrnton Road, LONDON, SW 16 5QF

Tel. : 0044 - 2082866198 Mo.: 00447828958746

E-mail : movasaya@hotmail.com


### બઈસ્મેહી સુબ્હાનહૂ તઆલા

વહાલા બાળકો ! અસ્સલામો અલયકુમ !

સૌપ્રથમ તો અમે આપ બધાંની સેવામાં હઝરત નબીયે મુકર્રમ સ.અ.વ. અને તેમના ખરા જાનશીન વારસદાર હઝરત ઈમામ જાઅફરે સાદિક અ.સ.ની મીલાદે - બા - સઆદતની મુબારકબાદી પેશ કરવાનો શર્ફ હાસિલ કરીએ છીએ.

આપણે હઝરત સૈયદુશ્શોહદા અ.સ.ની મજલિસો અને કરબલાના શહીદોની અઝાદારીથી શું શીખ્યું, શો બોધપાઠ લીધો તેનો અંદાજો હવે પછી આપણાં આખા વરસના વાણી અને વર્તન ઉપરથી આવી જશે.

આ મહિનામાંજ આપણાં ઈમામે ઝમાના અજ.ની તાજપોશીની તારીખ એટલે કે નવમી રબીઉલ અવ્વલ પણ આવે છે અને આ પ્રસંગે આપ સર્વેને મુબારકબાદ પેશ કરીએ છીએ.

૧૭મી રબીઉલ અવ્વલનો દિવસ રસૂલે ઈસ્લામ અને સાદિકે આલે મુહમ્મદની વિલાદતે -બા-સઆદતનો દિવસ છે અને આ મહિનાની આઠમી તારીખે આપણાં અગ્યારમાં ઈમામ હઝરત ઈમામ હસન અસ્કરી અ.સ.ની શહાદતનો દિવસ છે. અમે આપ તમામને તેની તાઅઝિયત (સાત્વના) પાઠવીએ છીએ.

અય્યામે અઝા (શોકના દિવસો) પૂરા થઇ ગયાં તેનો અર્થ એ નથી કે આપણે ઈમામે મઝલૂમ અને તેમના વફાદાર સાથીઓની શહાદતના લક્ષ્યને વીસરી જઈએ. અય્યામે અઝામાં તો દર વરસે મજલિસો - માતમ અને શોક મનાવવાનો - અને તે રીતે સમાજમાંથી બદીઓ દૂર કરી સમાજ સુધારણા કરવાનો એક તોફાની સમુદ્ર હોય છે અને દર વરસની આપણી આ અઝાદારી અર્થહીન ન રહેવા પામે તે જોવાની જવાબદારી આપણી સૌની છે અને આપણે આ જવાબદારી પૂરી કરી આપણાં ઈમામે ઝમાનાને ખુશ કરવાનો બંદોબસ્ત કરવો જોઈએ જેથી આપણે તેમની દુઆઓને લાયક બની જઈએ.

વસ્સલામ


ભારત, પાકીસ્તાન, આફ્રીકા, રિયુનીયન માટે :

**હૌઝએ ઈલમીયહ ઈમામ ખુમૈની (રહ.)**

ગોલ્ડન પાર્ક, વટવા, અમદાવાદ. ગુજરાત. ભારત - ૩૮૨૪૪૦

ફોન : ૦૭૯-૨૫૮૯૨૭૮૬, ૯૪૨૬૬૭૮૬૧૪, ૯૪૨૬૬૭૮૬૧૨, ૯૭૨૪૭૩૭૮૬૫

E-mail : hadimasik@yahoo.com

Website : www.hadikids.org

**વાર્ષિક લવાજમ**

રૂા.૩૦૦/-



# અલી ન્યાયાધીશપણું ખરો વારસદાર

બે વ્યક્તિઓ ખલીફાના દરબારમાં ઝઘડો લઈને આવ્યા અને આવીને ફરીયાદ કરી. હે ખલીફા ! આપ અમારા ઝઘડામાં ફેસલો કરી આપો. તેમને પુછવામાં આવ્યું, "ઝઘડો કઈ બાબતનો છે ? બંનેએ એકબીજા તરફ આંગળી ચીંધીને કહ્યું "આ મારો ભાઈ નથી અને મારા બાપનો દિકરો નથી, મારા બાપનો તો હું એક માત્ર દિકરો છું અને હું એક માત્ર તેનો ખરો વારસદાર છું."

ખલીફાએ પુછયું : તમારામાંથી કોઈ પાસે કોઈ સાક્ષી છે? બંનેએ ઈન્કાર કર્યો. ખલીફાએ કહ્યું "શરીઅતના કાનુન પ્રમાણે તો સાક્ષી વગર ચુકાદો આપી શકાય નહી. તે બંનેએ કહ્યું કે "આપ ખલીફા છો. હવે આપ જ બતાવો કે આ સમસ્યાનો ઉકેલ કેવી રીતે લાવી શકાય ? જો ખલીફા જ આ સમસ્યાનો ઉકેલ ન લાવી શકે તો કોણ લાવશે ?" ખલીફા તો માથું નમાવીને વિચારવા લાગ્યા. પરંતુ તેમને આ સમસ્યાનો ઉકેલ સૂઝયો નહીં. જનાબ અમ્માર ત્યાં બેઠેલા હતા, તેમણે કહ્યું : "હે ખલીફા ! આ સમસ્યા ફેસલા માટે અલી અ.સ.ને સોંપી દેવામાં આવે તો સારૂં રહેશે" એટલા માટે કે રસૂલે અકરમ સ.અ.વ. એ ફરમાવ્યું છે કે તમારા લોકોમાં સૌથી શ્રેષ્ઠ ન્યાય તોળવાવાળા અલી અ.સ. છે.

ખલીફા હઝરત ઉમરે કહ્યું "જઝાકલ્લાહો ખૈરન-યા અમ્મારો" (ખુદા તમને આનો સારો બદલો આપે, હે અમ્માર !) જે વાત હું ભૂલી ગયો હતો તે તમે મને યાદ દેવડાવી દીધી.



E-mail : hadimasik@yahoo.com

ઝઘડો હઝરત અલી અ.સ. સમક્ષ રજુ કરવામાં આવ્યો. આપ તે બંને દાવેદારોને લઈને દરબારે ખિલાફતમાં આવ્યાં અને બંનેને કહ્યું “જે સાચું હોય તે સ્વીકારી લો” પરંતુ તે બંને પોતાના દાવાને વળગી રહ્યા.

હઝરત અલી અ.સ. એ હજામને બોલાવ્યો (અરબસ્તાનમાં શરીરમાંથી અશુધ્ધ લોહી કાઢવાનું કામ હજામો કરતા હતા) હઝરત અલી અ.સ. ની આજ્ઞા પ્રમાણે બંને દાવોદારોના શરીરમાંથી લોહી કાઢીને બે જુદા જુદા પાત્રોમાં રાખવામાં આવ્યું. પછી આપે તે મૃત વ્યક્તિના શરીરનું એક હાડકું મંગાવી ને તેના બે ટુકડા કર્યા. પછી બંને દાવેદારોના લોહી જેમાં રાખવામાં આવ્યા હતા તે પાત્રોમાં તે મૃત વ્યક્તિના હાડકાનો એક-એક ટુકડો નાંખી દીધો. એક કલાક પછી બંને પાત્રોનું નિરીક્ષણ કરવામાં આવ્યું તો એવું જોવા મળ્યું કે એક પાત્રમાં જરાયે લોહી નહોતુ અને બીજા પાત્રમાં લોહી જેમનું તેમ રહ્યું હતું. હઝરત અલી અ.સ.એ ફેસલો સંભળાવ્યો કે જે દાવેદારના પાત્રમાં લોહી બાકી નથી રહ્યું તે દાવેદાર જ મૃત વ્યક્તિનો વંશજ - પુત્ર છે. તેથી જ તેના પિતાના હાડકાએ તેના લોહીનો સ્વીકાર કરી લીધો તેથી તે વ્યક્તિ જ મૃત વ્યક્તિનો ખરો વારસદાર છે અને વારસો તેને જ મળવો જોઈએ.

આ ફેંસલો સાંભળીને હઝરત ઉમર જોરથી બોલી ઉઠ્યા “હે અબુલહસન ! ખુદા મને આપના પછી જીવતો ન રાખે” (કવકબે દુર્રી-પાનં. ૫૨૯)

આ પ્રસંગ ઉપરથી એ હકીકત પણ ફલિત થાય છે કે હઝરત અલી અ.સ.એ આજથી ૧૪૦૦ વર્ષ પહેલા પ્રયોગશાળા સ્થાપી હતી અને જગતના લોકોએ તેના ૧૪૦૦ વરસ પછી લોહીનું પરિક્ષણ થઈ શકે તેવી પ્રયોગશાળા બનાવી છે.






# બરકતથી ભરેલો માલ (પૈસો)

ઈમામ જાઅફરે સાદિક અ.સ. ફરમાવે છે કે પયગમ્બરે અકરમ સ.અ.વ.નો ઝભ્ભો જુનો થઈ ગયો હતો. એક વ્યક્તિએ ૧૨ દિરહમ આપ સ.અ.વ.ને હદિયો (ભેટ) કર્યા. આપ સ.અ.વ.એ તે ૧૨ દિરહમ ઈમામ અલી અ.સ.ને આપ્યા અને ફરમાવ્યું, હે અલી ! જાવ -અને આ રકમમાંથી મારા માટે બજાર જઈને એક ઝભ્ભો લઈ આવો. ઈમામ અલી અ.સ. ગયા અને ૧૨ દિરહમનો એક સારો ઝભ્ભો લઈ આવ્યા અને




તે ઝભ્ભો રસુલ સ.અ.વ.ની સેવામાં રજુ કર્યો. આપ સ.અ.વ.એ તે ઝભ્ભો જોઈને કહ્યું : "આ ઝભ્ભો તો કીંમતી લાગે છે. મારી એવી ઈચ્છા છે કે આના કરતાં સસ્તા-વસ્ત્રો પહેરૂં. હે અલી ! જો તે દુકાનવાળો આ ઝભ્ભો પાછો લેવા રાજી હોય તો પ્રયત્ન કરીને ઝભ્ભાને પરત કરી દો." ઈમામ અલી અ.સ. ફરી બજારમાં ગયા અને દુકાનવાળાને કહ્યું : પયગમ્બર સ.અ.વ. આટલો કીંમતી ઝભ્ભો પહેરવા માંગતા

નથી, તેઓ સ.અ.વ. સસ્તો ઝભ્ભો પહેરવા માંગે છે, જો તને વાંધો ન હોય તો આ વસ્ત્ર પાછું લઈ લે. દુકાનવાળાએ તે વસ્ત્ર પાછું લઈને બાર દિરહમ પરત કરી દીધા. ઈમામ અલી અ.સ. બાર દિરહમ લઈને ફરી પયગમ્બર સ.અ.વ.ની સેવામાં પરત આવ્યા અને આ વખતે આપ સ.અ.વ. પોતે ઈમામ અલી અ.સ. સાથે બજાર જવા માટે સાથે થઈ ગયા. રસ્તામાં એક દાસી (કનીઝ-નોકરાણી)ને જોઈ, જે એક ખુણામાં બેસીને રડતી હતી. હઝરત સ.અ.વ.એ તેને પુછયુંઃ "તને શું



થયું છે ? તુ કેમ રડે છે ? તેણે કહ્યું "મારા માલિકે મને બજારમાંથી સામાન ખરીદી લાવવા ચાર દિરહમ આપ્યા હતાં પરંતુ તે રકમ બજારમાં ક્યાંક મારાથી પડી ગઈ - ખોવાઈ ગયા - હવે મારા માલિકના ગુસ્સા અને તેની સજાની બીકને કારણે મારામાં ઘરે પાછા જવાની હિંમત રહી નથી તેથી રડું છું."

આપ સ.અ.વ.એ તે દાસીને ચાર દિરહમ આપ્યા અને કહ્યું કે "જા, આ રકમમાંથી સામાન ખરીદીને ઘરે ચાલી જા" અને તે પછી આપ આગળ વધી ગયા અને ચાર દિરહમનો એક ઝભ્ભો ખરીદ્યો અને તે પહેરીને ખુદાનો શુક્ર અદા કર્યો. અને તે પછી પયગમ્બર સ.અ.વ. બજારમાંથી પરત જવા લાગ્યા. અચાનક આપ સ.અ.વ.એ એક વ્યક્તિને જોયો જે ઉઘાડા ડીલે હતો અને કહી રહ્યો હતો : "એવો કોણ છે જે મને વસ્ત્રો પહેરાવે. ખુદા તેને જન્નતના વસ્ત્રો આપશે" આપ સ.અ.વ.એ તે નવું વસ્ત્ર કાઢીને તે ઉઘાડા ડીલ વાળા વ્યક્તિને આપી દીધું અને ખુદાનો શુક્ર કરતાં ઘરની તરફ જવા લાગ્યા. માર્ગમાં ફરી તે દાસીને જ જોઈ જેને આપ સ.અ.વ. એ સામાન ખરીદવા ચાર દિરહમ આપ્યા હતા. તે દાસી રસ્તામાં બેઠેલી હતી. આપ સ.અ.વ.એ તેને પુછયું "તું હજી સુધી કેમ નથી ગઈ ? તેણે અરજ કરી "મને ઘરે જવામાં ઘણું મોડું થઈ ગયું છે હવે હું ઘેર જવાથી એ માટે ભયભીત છું કે કદાચ ઘરવાળા હું મોડી પડી તે માટે મને સજા



કરશે. પયગમ્બર સ.અ.વ.એ કહ્યું : "ચાલ હું તારી સાથે આવું છું અને તારી ભલામણ કરીશ" અને તે પછી પયગમ્બર સ.અ.વ. તેની સાથે તેના ઘર સુધી ગયા અને બારણે ઉભા રહીને સલામ કરી. પરંતુ ઘરમાંથી કોઈ જવાબ ન મળ્યો. પયગમ્બર સ.અ.વ.એ બીજી વખત સલામ કરી ત્યારે પણ કોઈએ જવાબ આપ્યો નહી. આપ સ.અ.વ.એ ત્રીજી વખત સલામ કરી. આ વખતે



ઘરમાંથી જવાબ આપવામાં આવ્યો. આપ સ.અ.વ.એ પુછયું "તમે લોકોએ પહેલી અને બીજી વખત મારા સલામનો જવાબ કેમ આપ્યો નહોતો ?" તે લોકોએ કહ્યું "હે ખુદાના પયગમ્બર ! આપ સલામત રહો !! અમે એવું ઈચ્છતા હતા કે અમે આપનો અવાજ ત્રણ વખત સાંભળીએ" આપ સ.અ.વ. એ ફરમાવ્યું : "તમારી આ દાસીથી ઘરે પાછા આવવામાં મોડું થઈ ગયું છે. તમે તેને સજા કરશો નહીં" તે લોકોએ કહ્યું : "હે ખુદાના રસૂલ સ.અ.વ. આપના મુબારક પગલા અમારા ઘરે પડ્યા તેની બરકતને કારણે અમે આ દાસીને ખુદાના નામ ઉપર (ખુદાના માર્ગે) આઝાદ કરીએ છીએ."

આ સાંભળીને આપ સ.અ.વ.એ કહ્યું : "ખુદાનો શુક્ર છે. મેં આવા બરકતવાળા બાર દિરહામ નથી જોયા જેના વડે એક ઉઘાડા ડીલવાળાને વસ્ત્ર - બીજાને જન્નતના વસ્ત્રો અને એક દાસીને આઝાદી મળી હોય."

(અમાલી : સદૂક - પા. ૨૩૮ , હદીસ-૫)



E-mail : hadimasik@yahoo.com




## નબી સ.અ.વ.ની વસીયતો (શિખામણો - બોધવચનો)

**હે અલી :**

(૧) વાતો કરવાથી કોઈ લાભ-ફાયદો કે ભલાઈ નથી કે જ્યાં સુધી તેના ઉપર અમલ કરવામાં ન આવે.

(૨) જ્યાં સુધી ચોક્સાઈપૂર્વક ખાત્રી કરી લેવામાં ન આવે ત્યાં સુધી જોવામાં કોઈ ખૂબી નથી.

(૩) જ્યાં સુધી દાનવૃત્તિ સાથે ન હોય ત્યાં સુધી ધનદોલતમાં કાંઈ સારાપણું નથી.

(૪) જ્યાં સુધી વફાદારી ન હોય ત્યાં સુધી (ફક્ત) સાચું બોલવામાં કાંઈ ભલું નથી.

(૫) જ્યાં સુધી પરહેઝગારી સાથે ન હોય ત્યાં સુધી ચિંતન અને બુધ્ધિ પણ લાભદાયી થતાં નથી.

(૬) નિય્યત સારી ન હોય તેવો સદકો આપવાથી કોઈ ફાયદો થતો નથી.

(૭) જ્યાં સુધી શાંતિ (ખામોશી) ન હોય ત્યાં સુધી શરમ અને હયામાં પણ કોઈ ખુબી-ગુણ નથી.

(૮) જ્યાં સુધી સુખ-શાંતિ અને પ્રસન્નતા મળતા ન હોય તો વતનમાં (રહેવાથી) પણ કોઈ લાભ નથી.



# ઈમામ હસને અસ્કરી અ.સ.ના મહાન માતા

નામ : આપનું મુબારક નામ **હુદૈસ ખાતૂન** હતુ. આપના બીજા નામો કે જે આપના લકબો છે તે **સલીલ - જિદાહ - સમાના** અને **સોસન** છે.

સલીલનો અર્થ : દરેક પ્રકારની આફતો - બલાઓ અને દરેક જાતની અપવિત્રતા અને ગંદકીથી રક્ષિત રહેનારી એવો થાય છે.

આપના ફઝાઈલ : આપની ગણત્રી ઈશ્વરને ઓળખનાર (આરેફા) અને સંત (સાલેહા) સ્ત્રીઓમાં થાય છે. આપની ફઝીલત સાબિત કરવા માટે ફક્ત એટલું કહેવું જ પુરતું છે કે ઈમામ અબી મુહમ્મદુલ અસ્કરી અ.સ. ની શહાદત પછી આપ આલે મુહમ્મદ સ.અ.વ.ના શીઆઓનું આશ્રય સ્થાન હતા. શૈખ સદૂક રહ એ અહમદ બિન ઈબ્રાહીમથી રિવાયત કરી છે કે તેમણે કહ્યું છે કે હું સને હિજરી ૨૬૨ માં ઈમામ હસન અસ્કરી અ.સ.ની બહેન હકીમા ખાતૂનની સેવામાં હાજર થયો હતો. મેં પડદા પાછળ રહીને આપની સાથે વાત કરી હતી અને ઈમામે ઝમાના અજ. વિશે પુછયું હતું ત્યારે આપે મને સ્પષ્ટતાથી જણાવ્યું હતું કે ઈમામ કોણ છે ? મેં અરજ ગુજારી કે તેમના દર્શન (ઝિયારત) થઈ શકશે અથવા ફક્ત તેમના વિશે જાણકારીથી જ ઓળખી શકાય તેમ છે. બીબીએ કહ્યું "ફક્ત જાણકારીથી આપને ઓળખી શકાય છે જે અબી મુહમ્મદ એ પોતાની માતાને લખી મોકલી છે મેં પુછયું તો એ બાળક (નવ મૌલૂદ=બાળક) કયા છે ? ત્યારે બીબીએ કહ્યું, ગુપ્તવાસમાં છે. મેં પુછયું, તો પછી શીઆઓ કોને ત્યાં આશ્રય મેળવે. તેમણે કહ્યું, અબી મુહમ્મદની દાદી (એટલે ઈમામ ઝમાનાના દાદી- હુદૈસ ખાતુન)ને ત્યાં


E-mail : hadimasik@yahoo.com

આશ્રય મેળવે. મેં અરજ ગુજારી કે એક સ્ત્રીને નાયબ (વસી) બનાવવાની બાબતે મને માર્ગદર્શન આપો (કે આવું કેવી રીતે બની શકે) બીબીએ દલીલ સાથે જવાબ આપ્યો કે જેવી રીતે ઈમામ હુસૈન ઈબ્ને અલી અ.સ. એ પોતાની બહેન (જનાબ ઝૈનબ સલા.) ને પોતાની તરફથી નાયબ જાહેર કર્યા હતા. એ જ કારણે ઈમામ સજ્જાદ અ.સ. થી જે ઈલ્મ(વિદ્યા) બ્યાન કરવામાં આવે છે તેનો સંબંધ જનાબ ઝૈનબ-બિન્તે અલી અ.સ. સાથે જાહેર કરવામાં આવે છે જેથી કરીને અલી ઈબ્ને હુસૈન અ.સ. ને ગુપ્ત રાખી શકાય.”

(ઉમ્મહાતુલ માઅસૂમીન-પા.નં. ૪૩૩-કમાલુદ્દીનના સંદર્ભ સાથે-ભાગ-૨ પ્રકરણ-૪૫ પાન. ૫૦૭)

હઝરત ઈમામ અલી નકી અ.સ. હઝરત ઈમામ હસને અસ્કરી અ.સ.ની મહાન માતાની પ્રશંસા કરતા ફરમાવે છે કે “સલીલ દરેક પ્રકારની આફતો અને મુસીબતોથી રક્ષિત અને દરેક પ્રકારની અપવિત્રતા અને ગંદકીથી પાક છે. પછી ફરમાવ્યું “આપ કદી અપવિત્ર નહીં થાય અને આપને અલ્લાહ તઆલા પોતાની સૃષ્ટિ (મખ્લૂક) ઉપર હુજ્જત અતા ફરમાવશે. (એટલે કે દાદી હોવાનું ગૌરવ આપશે) જે પૃથ્વી ને ન્યાયથી એવી રીતે જ ભરી દેશે જેવી રીતે (તે વખતે) પૃથ્વી અત્યાચારો અને જોરજુલ્મથી ભરેલી હશે.”

(ઉમ્મહાતુલ માઅસૂમીન પા.નં. ૪૩૪)

આપની કૂખે જ ઈમામ ઝમાના અજ. ના મહાન અને આદરણીય પિતા હઝરત ઈમામ હસને અસ્કરી અ.સ.નો જન્મ થયો છે.





# વચન પાલન અને અહલેબૈત અ.સ.

વાયદો - વચન - પ્રતિજ્ઞા - કોલ-કરાર આ બધા શબ્દો લગભગ સમાનાર્થી હોવા ઉપરાંત વિશાળ અર્થ  વિસ્તાર ધરાવે છે.

આ ગુણ માનવજીવનના વ્યપારિક-નૈતિક-અધિકારિત્વ - સામુહિક- વ્યક્તિત્વ- રાજકારણ એવી રીતે વ્યક્તિગત - સામુહિક અને વૈશ્વિક - દરેક પાસા સાથે સંબંધિત છે.

મુખ્યત્વે આ ગુણને બે વર્ગોમાં વહેંચી શકાય.

(૧) ખુદાની સાથે કરેલો વાયદો - પ્રતિબદ્ધતા

(૨) લોકોની સાથે કરેલો વાયદો - પ્રતિબદ્ધતા

પરંતુ આજે માણસો આ મહાન ગુણને ભુલાવી રહ્યા છે જ્યારે કુરઆનમાં અને માઅસૂમીન અ.સ.એ આની ખૂબ તાકીદ ફરમાવી છે. આવો, આ બાબતમાં માઅસૂમીન અ.સ.ના કેટલાક બોધ વચનો જોઈએ.

રસૂલે ખુદા સ.અ.વ. ફરમાવે છે કે "જેનામાં વચન પ્રતિબદ્ધતાનો ગુણ ન હોય તે વ્યક્તિ ધર્મ પરાયણ (દીનદાર) હોતો નથી. (બિહારૂલ અનવાર-ભા.૫, પાનં.૯૬)"

ઈમામ અલી અ.સ. ફરમાવે છે "જ્યારે લોકો વચન પાલન કરવાનું ત્યાગી દે છે ત્યારે ખુદા તેમના ઉપર શત્રુઓનું વર્ચસ્વ સ્થાપી દે છે" (બિહાર-ભા-૧૦૦, પા.નં. ૪૫)



E-mail : hadimasik@yahoo.com




ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે “પોતાના મોમિનભાઈ સાથે કરેલો વાયદો નઝર (માનતા)ની જેમ છે. જો કે તેનો કફફારો નથી પરંતુ જે કોઈ (પોતાના મોમિનભાઈ સાથે ) વચન પાલન ન કરે તો તેણે જાણે ખુદા સાથે વચન પાલન નથી કર્યું અને આવી રીતે તે પોતાની જાતને અલ્લાહના ક્રોધ (ગઝબ)ને પાત્ર બનાવી દે છે. (ઉસૂલે કાફી-ભા-૨ પા.નં. ૩૬૩)”

ઈમામ રિઝા અ.સ. ફરમાવે છે કે “અમો અહલેબૈત એવું ખાનદાન છીએ જે અમારા વચનોને અમારા માથા ઉપરનું કરજ સમજીએ છીએ અને રસૂલ સ.અ.વ. પણ આવું જ કરતા હતા. (બિહાર ભા. ૭૫, પાન નં. ૯૭)”

ઈમામ સાદિક અ.સ. ફરમાવે છે કે ત્રણ બાબતો એવી છે જેમાં કોઈ વાંધો કે બહાનું સ્વીકારવામાં આવશે નહીં.

(૧) થાપણને અદા કરવાની બાબતે : થાપણ નેક વ્યક્તિની હોય કે ખરાબ વ્યક્તિની, કોઈપણ સંજોગોમાં.

(૨) વચન પાલનની બાબતે : ચાહે એ વાયદો નેક વ્યક્તિ સાથે કર્યો હોય કે દુષ્ટ વ્યક્તિ સાથે.

(૩) માતા-પિતા સાથે નેકીની બાબતે : માતા-પિતા દુષ્ટ હોય તો પણ.

માઅસૂમીન અ.સ. એ વચન પ્રતિબધ્ધતાના ગુણને પોતાના ચારિત્રમાં

ઉતારીને આપણી સમક્ષ મુક્યો છે અને હંમેશા પોતાના વચનો / વાયદાઓ પૂરા કરવાની તાકીદ કરી છે.

**આવો, ઈતિહાસના પાનાઓમાંથી માઅસૂમીન અ.સ.ના વચન-પાલનના દ્દષ્ટાંતો જોઈએ.**

**દ્દષ્ટાંત (૧) :** અમ્માર યાસિર ફરમાવે છે કે આપ સ.અ.વ.ને પ્રગટ રીતે (ઝાહિરી) રસૂલનું પદ (રિસાલત) મળી તે પહેલા આપ સ.અ.વ. ઘેંટા ચારતા હતાં. હું પણ તે વખતે ચરાવતો હતો. એક દિવસ અમે બંનેએ એવો કોલ કરાર કર્યો કે આવતી કાલે આપણે બંને પોતાના ઘેટાઓને પર્વતની તળેટીમાં લઈ જઈશુ અને એક સાથે ત્યાં ઘેટા ચરાવીશું. બીજા દિવસે હું થોડોક મોડેથી ત્યાં પહોંચ્યો. ત્યારે મેં જોયું કે આપ સ.અ.વ. ત્યાં પહોંચી તો ગયા છે અને પોતાના ઘેટાને પર્વતની તળેટીમાં લઈ પણ ગયા છે પરંતુ આપ સ.અ.વ.એ પોતાના ઘેટાઓને ચરવાથી રોકી (અટકાવી) રાખ્યા હતા. મેં આ જોઈને અરજ કરી : આપે પોતાના ઘેટાને ચરવા કેમ નથી દીધાં ? આપ સ.અ.વ.એ ફરમાવ્યું "મેં ગઈ કાલે તમારી સાથે વાયદો કર્યો હતો કે આપણે એકી સાથે ઘેટા ચરાવીશું તેથી હું નહોતો ઈચ્છતો કે હું મારા ઘેટાને ગૌચર (ચરવાની જગ્યા)માં તમારાથી પહેલા લઈ જઉં. (કોહેબુલ - બસર પાનં. ૧૦૩)

**દ્દષ્ટાંત (૨) :** રસૂલે ખુદા સ.અ.વ. એક વ્યક્તિ સાથે હતા. તે વ્યક્તિએ આપ સ.અ.વ. ને કહ્યું "હું અમુક જગ્યાએ જઈ આવું છું" આપ સ.અ.વ. એ ફરમાવ્યું "તમે જઈ આવો, હું આ સ્થળે જ ઉભો રહીને તમારી પ્રતિક્ષા કરીશ" અને આપ તે સ્થળે જ એક પત્થર પાસે ઉભા રહી ગયા પરંતુ તે વ્યક્તિ પરત ન આવ્યો અને તેની વાટ જોવામાં જ તડકો સખ્ત થઈને માથે આવી ગયો અને સીધો આપના મુબારક મુખારવિન્દ ઉપર પડવા લાગ્યો. અસહાબે અરજ ગુજારી "હે અલ્લાહના રસૂલ ! આપ અહીયાં છાંયડામાં આવી જાઓ. આપ સ.અ.વ.એ ફરમાવ્યું "મેં તે વ્યક્તિ સાથે એવો જ વાયદો કર્યો છે કે આ સ્થળે જ ઉભો રહીને તમારી વાટ જોઈશ (બિહાર-ભાગ-૫, પા.નં. ૯૫)"


E-mail : hadimasik@yahoo.com

# હસો અને હસાવો



એક વ્યક્તિએ પોતાના મિત્રને પુછ્યું, આપના મોટા પુત્રનું નામ શું છે ?
તેમણે કહ્યું : "નફીસ કરીમ"
અને નાના દીકરાનું ?
"રઈસ કરીમ"
તે વ્યક્તિએ તરત જ કહ્યું, તો સૌથી નાની દીકરીનું નામ તો "આઈસ્ક્રીમ" જ હશે ને !!!

---

શિક્ષક (વિદ્યાર્થીને) : તું નિશાળે આટલો મોડો કેમ આવ્યો ?
વિદ્યાર્થી : સાહેબ ! વરસાદને કારણે સડક ઉપર એટલો કાદવ થઈ ગયો છે કે એક ડગલું આગળ જતો તો બે ડગલા લપસીને પાછળ સરકી જતા હતા.
શિક્ષક : તો પછી અહીંયા સુધી કેવી રીતે પહોંચ્યો ?
વિદ્યાર્થી : સાહેબ મેં મારૂં મોઢું મારા ઘરની દિશામાં કરી લીધું હતું.

---

એક છોકરો એક ગધેડાનો કાન પકડીને ખેંચીને લઈ જતો હતો અને પોલીસ સ્ટેશન સામેથી પસાર થયો, એક પોલીસવાળાને મશ્કરી સૂઝી - તેણે તે છોકરાને કહ્યું, અરે - પોતાના ભાઈના કાન પકડીને ખેંચીને શા માટે લઈ જાય છે ?
તો પેલા છોકરાએ પણ સણસણતો જવાબ આપ્યો : ક્યાંક આ પણ પોલીસમાં ભરતી ન થઈ જાય તે માટે.

---

એક વ્યક્તિ પોતાના મિત્રને પોતાની પાળેલી બિલાડીનો કિસ્સો સંભળાવી રહ્યો હતો, તેમણે જેને દૂધ સમજીને પેટ્રોલ પીવડાવી દીધુ હતું.

તે કહેવા લાગ્યો : પેટ્રોલ પેટમાં જતા જ બીલાડીએ જોરથી આળસ મરડી અને ઝડપથી દોડવા લાગી. પછી કુદકો મારીને એક બે માળના મકાનના ધાબે પહોંચી ગઈ, પછી ત્યાંથી બીજી બાજુએ કુદકો મારીને સડક ઉપર આવી ગઈ, આવી રીતે ૧૦ વખત કુદકાઓ મારી મારીને એકથી બીજી અને બીજીથી ત્રીજી સડકો ઉપર જતી રહી, છેવટે એક સડકની વચ્ચે પડી ગઈ. મિત્રે પુછયું, શું મરી ગઈ હતી ।

તેણે કહ્યું : "તેનું પેટ્રોલ ખલાસ થઈ ગયું હતું."



# વાર્તા
# શિખાઉ વૈદ્ય - જીવનનો ખતરો
# (નીમ હકીમ ખતરે જાન)

એક પ્રદેશમાં એક વેપારી કાપડનો વેપાર કરતો હતો, જે દૂરદૂરના પ્રદેશ અને શહેરોમાં જઈને પોતાનું કાપડ વેચતો અને પરત ફરતો ત્યારે ત્યાંની નવી નવી વસ્તુઓ ખરીદી લાવીને પોતાના શહેરમાં વેચતો હતો. આવી રીતે તે ખુબ જ દૂર દૂર ના પ્રદેશોમાં પણ જતો. એક વખત તે કોઈ પ્રદેશમાં પોતાનો માલ વેચવા ગયો. માર્ગમાં તેણે એક ઝાડના છાયડામાં પોતાના ઉંટને બાંધી દીધો અને તેની આગળ સકરટેટીઓ નાંખી દીધી અને પોતે પણ ઝાડના છાંયડામાં બેસીને ખાવાનું ખાવા લાગ્યો. એકાએક તેના ઉંટના ગળામાંથી વિચિત્ર દબાએલો અવાજ આવવા લાગ્યો. તેણે જોયું કે તેના ઉંટના ગળામાં એક આખી સકરટેટી ફસાઈ ગઈ છે. અને તેનાથી તેનું ગળું ફૂલી ગયું છે, વેપારીને લાગ્યું કે હવે મારો ઉંટ મરી જશે. તેણે તો રડારોળ કરી મૂકી અને બૂમો પાડવા લાગ્યો કે ''કોઈ મારા ઉંટને બચાવી લો'' લોકો દોડી આવ્યાં અને ગામમાંથી એક જાણકાર વૈદ્યને બોલાવી લાવ્યા. તે વૈદ્યે ઉંટને જમીન ઉપર સુવડાવી દીધો, તેના ગળાના ફૂલી ગયેલા ભાગની નીચે એક ઈંટ મૂકી અને બીજી ઈંટ તેની બીજી બાજુએ ગળા ઉપર ખૂબ જ ધીમેથી મારી જેનાથી ગળામાં ફસાઈ ગયેલી સકરટેટી અંદર ફસકાઈ પડી અને તુટી ગઈ અને ઉંટ તદન સાજો નરવો થઈ ગયો.

બીજા વરસે તે વેપારીના શહેરમાં ખુબ વરસાદ પડ્યો તેથી તે વેપારી પોતાના શહેરથી બહાર નીકળી શક્યો નહીં. તેની પાસે અગાઉની બચતની જે રકમ હતી તે ધીમે ધીમે વપરાઈ ગઈ. પોતાના શહેરમાં તેની પાસે કોઈ કામ-ધંધો હતો જ નહી. અને તેને કોઈ હુનર ઉદ્યોગ આવડતો પણ નહોતો. ખુબ વિચાર કરીને તેણે વૈદ્યનો ધંધો


E-mail : hadimasik@yahoo.com

અપનાવી લેવાનો નિર્ણય લીધો અને એક દુકાન લઈ લીધી. કેટલાંક ઓસડિયા અને જડીબુટ્ટીઓ રાખી લીધી અને લોકોને જેવી તેવી દવાઓ આપવા લાગ્યો.

તે દિવસોમાં જ શહેરના હાકેમના પિતાને કંઠમાળનો રોગ થઈ ગયો. (કંઠમાળ એક એવો રોગ છે જેમાં માણસનું ગળું ખુબ વધારે ફૂલી જાય છે. શરીરમાં આયોડીનની ઉણપને કારણે આ રોગ થાય છે તેથી આયોડીન યુક્ત મીઠું લેવાથી આ રોગ થતો નથી. પરંતુ તે સમયે તો આ રોગની કોઈ દવા નહોતી) તેથી શહેરના હાકેમે શહેરમાં દાંડી પીટાવી દીધી કે જે કોઈ તેના પિતાનો ઈલાજ કરશે તેને ભારે મોટું ઈનામઆપવામાં આવશે ત્યારે આ અડધા-પડધા વૈદ્ય એટલે કે પેલા વેપારીએ આ જાહેરાત સાંભળીને, તેને પોતાના ઉંટનો ગયા વરસનો કિસ્સો યાદ આવી ગયો. તેણે જાહેરાત કરી કે તે શહેરના હાકેમના પિતાનો ઈલાજ કરશે. શહેરના લોકો તો આશ્ચર્યચકિત થઈ ગયા. તે વૈધ બની બેઠેલો વેપારી શહેરના હાકેમના મહેલમાં ગયો, ત્યાં પણ લોકો એકઠા થઈ ગયા હતા. તે શિખાઉ વૈદ્યે શહેરના હાકેમના પિતાને સુવડાવી દીધા, એક ઈંટ તેમના ગળાના સૂજીને ફૂલી ગયેલા ભાગની નીચે મુકી અને બીજી ઈંટ તેના બીજા ભાગ ઉપર મારી દીધી. બસ પછી શું થાય ! પિતાજી તો સ્વર્ગે સિધારી ગયા, આ જોઈને એકત્ર લોકોમાંથી કોઈએ જોરથી બૂમ પાડી, શિખાઉ વૈદ્ય - જાનનો ખતરો -(નીમ હકીમ ખતરે જાન) તે પછી તે શિખાઉ વૈદ્યનું તો જે થવાનું હતું તે થયું પરંતુ તે દિવસથી આ કહેવત પડી ગઈ અને જ્યારે પણ કોઈ અણઘડ-શિખાઉ વ્યક્તિ કોઈ કૌશલ્યનું કામ કરવાનો પ્રયત્ન કરે છે ત્યારે આ કહેવત જ કહેવામાં આવે છે.








# અકીદાની
## (ધાર્મિક - મઝહબ અંગેની માન્યતા)
## સ્વતંત્રતાનો અધિકાર

આનાથી અમારો કહેવાનો હેતુ એ છે કે ઈસ્લામ કોઈને પણ તેની ધાર્મિક માન્યતાની બાબતે વિવશ નથી કરતો. એટલે જ તો ન તો કુરઆન કરીમમાં એવી કોઈ આયત છે કે ન તો સુન્નતે નબવીમાં એવો કોઈ દાખલો (રિવાયત) છે કે અન્ય ધર્મોમાં માનનારા લોકોને પોતાના ધર્મનો ત્યાગ કરીને ઈસ્લામ ધર્મ અંગીકાર કરવા માટે વિવશ કરવામાં આવે, પરંતુ અલ્લાહ તબારક-વ-તઆલા એ તો સ્પષ્ટ આદેશ આપ્યો છે કે "ધર્મની બાબતે કોઈ બળજબરી નથી અને નિ:શંકપણે સત્ય શું છે તે હકીકત તદ્દન સ્પષ્ટ કરી દેવામાં આવી જ છે. (આયતુલ કુર્સી) અલ્લાહ તબારક-વ-તઆલાનો આ આદેશ ધર્મની બાબતમાં બળજબરીપૂર્વકના પ્રચારની મનાઈ ની તદ્દન સ્પષ્ટ દલીલ છે.

ઈસ્લામ માટે એવો જે અપપ્રચાર થયો છે અને થઈ રહ્યો છે કે ઈસ્લામને તલવારના જોરે ફેલાવવામાં આવ્યો છે તેવા અપપ્રચારની પોકળતા આ આયત અને આ હકીકતને કારણે સાબિત થઈ જાય છે. મુસલમાનોએ કદીયે કોઈ અહલે કિતાબને પણ ઈસ્લામ ધર્મ સ્વીકારી લેવા માટે વિવશ નથી કર્યા અને કુરઆનમાં તો તેમની સાથે સારી રીતે વાતચીત કરવાનો આદેશ છે.


E-mail : hadimasik@yahoo.com

અને આપણા અઈમ્મએ તાહેરીને પણ એ માર્ગે જ ચાલીને અગ્નિપુજકો - નાસ્તિકો અને અહેલે કિતાબ સાથે વાટાઘાટો - વાર્તાલાપના દ્વાર ખુલ્લા રાખીને ઈસ્લામના સિધ્ધાંતોનો બચાવ બુધ્ધિગમ્ય દલીલો અને સ્પષ્ટ તર્કને આધારે કર્યો છે.

આ બાબતની ઐતિહાસિક દલીલ ઈમામ મુહમ્મદ બાકીર અ.સ. ની એ તાર્કિક દલીલો છે જે તેમણે "મુતાઅ" વિશે અબ્દુલ્લા-બિન-મુહમ્મદ લૈસી સાથે કરી હતી.

લૈસી એ ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.ને પુછયું કે "મેં સાંભળ્યું છે કે આપ "મુતાઅ" વિશે આદેશ આપો છો ? ઈમામ અ.સ. એ ફરમાવ્યું "અલ્લાહ તઆલાએ કુરઆનમાં આને (મુતાઅને) હલાલ કર્યો છે. પયગમ્બર સ.અ.વ.ની સુન્નત તેની સાક્ષી પુરે છે અને સહાબાઓએ પણ આની ઉપર અમલ કર્યો છે."

આ સાંભળીને અબ્દુલ્લાહે કહ્યું "પરંતુ હઝરત ઉમરે તો આને હરામ કર્યો છે ને" તે સાંભળીને ઈમામ અ.સ. એ ફરમાવ્યું "તો તુ પોતાના સાથીની વાતને સ્વીકારી લે, હું અલ્લાહ-રસુલના આદેશનું પાલન કરીશ."

આ પછી ઘણો બધો વાદ-વિવાદ થયો અને છેવટે અબ્દુલ્લાહ હસ્યો અને તેણે કહ્યું "સત્ય તો એ છે કે જ્ઞાન અને વિધાના વૃક્ષનું ઉગમસ્થાન આપની છાતી (હૃદય)માં છે, તેના ફળ આપના ભાગે આવ્યા છે, બીજા લોકોને તો ફક્ત પાંદડા મળે છે."

(અર્દબેલી કૃત - કશફુલ ગમ્મા-હાલાતે ઈમામ મુહમ્મદ બાકિર અ.સ.)



# જ્યારે ખુદા બીમાર પડી ગયો

સૂર્ય આથમી રહ્યો હતો અને આથમતા સૂર્યએ પોતાનો સોનેરી પ્રકાશ ઘરો-દિવાલો વૃક્ષો ઉપર પાથરેલ હતો. પયગમ્બરે અકરમ સ.અ.વ.ના ચાહવાવાળાઓ એક ઝાડની નીચે ઉભા હતાં અને આપ સ.અ.વ.ની વાતો શાંત ચિત્તે અને એકાગ્રતાથી સાંભળી રહ્યાં હતાં. એકાએક આપ સ.અ.વ.એ આકાશની દિશામાં જોયું, એક ઉંડો શ્વાસ લીધો, પોતાના ચાહવાવાળાઓ તરફ ફરીને કહ્યું : "કયામતના દિવસે ખુદાવન્દે આલમ કેટલાંક લોકોને પુછશે કે જ્યારે હું માંદો પડી ગયો હતો અને એ વાતની જાણકારી તમને પણ હતી તેમ છતાં તમે લોકો મારી તબીયત પુછવા શા માટે નહોતા આવ્યા ?" તેઓ કહેશે કે હે પરવરદિગાર ! તું તો આ સમગ્ર સૃષ્ટિનો સર્જનહાર છે, તને તો કોઈ રોગ થઈ શકે જ નહી. ત્યારે ખુદાવન્દે આલમ કહેશે : હા, આ વાત તો બરાબર છે. પરંતુ યાદ કરો એ દિવસને કે જે દિવસે તમને આ વાતની જાણકારી મળી હતી કે તમારા મિત્રો પૈકી ફલાણો મિત્ર માંદો પડી ગયો છે અને આ વાત જાણયા પછી પણ તમે તેની તબીયત પુછવા - તેને ધીરજ



E-mail : hadimasik@yahoo.com

આપવા નહોતા ગયા, હું તો દયાળુ અને ક્ષમા બખ્શનારો ખુદા છું. મારી મહાનતાના સમ ! જો તમે તે દિવસે પોતાના મિત્રના ખબર અંતર પુછવા ત્યાં ગયા હોત તો તમને આ વાતની પણ જાણ થઈ હોત કે હું પણ તે દિવસે ત્યાં હતો અને જો તમારો તે બિમાર મિત્ર તમારા માટે કોઈ દુઆ કરતો તો હું તેની તે દુઆ જરૂરથી કબુલ કરતો.

જનાબ મૂસા અ.સ. થી એક રિવાયત છે તે પ્રમાણે ખુદાવન્દે આલમે મિત્રની તબીયત પુછવા જવાની બાબતે પોતાની તબીયત પુછવાને સમકક્ષ ગણાવી છે અને કોઈ મિત્રના માંદા પડવાની બાબતને જાણે પોતે (ખુદા પોતે) માંદો પડ્યો હોય તેના જેવી કહી છે.

હાદીના વહાલા મિત્રો ! જુઓ એક મિત્રનો શો દરજ્જો છે - શું હેંસીયત છે ! આ રિવાયતો પરથી તમો હવે જાણી ગયા છો, તેથી હાદીના હે વહાલા મિત્રો !!! અમે તમને વિનંતી કરીએ છીએ કે આપના આ મિત્ર (હાદી)ને પણ હંમેશા પોતાની દુઆઓમાં યાદ રાખજો - જેથી તે કોઈ મુશ્કેલીમાં આવી ન પડે.



# બાળકોની ડાયરી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



**બુખારી અલીનવાજ**
મહદી સ્કૂલ, ભાવનગર.



**રવજાણી નદીમ મહેંદી**
સુલેમાનખાકુ પાર્ક સોસા., રાજુલા સીટી.



**બદામી શબ્બીરઅલી મહેબુબઅલી**
રાજુલા સીટી.



**જાફરી ફઝલ અબ્બાસ**
કુંભારવાડા, ગલી નં.૩, રાજુલા સીટી.

# પ્રશ્ન અને તેનો જવાબ

**પ્રશ્ન :** ખુદાવન્દે આલમે આ સૃષ્ટિ, ખાસ કરીને મનુષ્યનું સર્જન શા માટે કર્યું છે ?

**જવાબ :** જ્યારે કોઈ મહાન બુધ્ધિજીવી અથવા ધાર્મિક વિદ્વાન પ્રેક્ષકો અને શ્રેતાઓને ખુબ સારી વિદ્વતાભરી વાતો જણાવે છે તો એના વિશે કોઈને એવો પ્રશ્ન કરવાનો અધિકાર નથી કે તેણે આવી વિદ્વતાપૂર્ણ વાતો કેમ કહી ? કેમકે તેની વિદ્વતાને કારણે તેની પાસેથી એ બાબત જ અપેક્ષિત હોય છે કે તે આવી ડહાપણ અને વિદ્વતા સભર વાણી લોકોને પીરસે. પરંતુ જો આ બુધ્ધિજીવી અથવા ધાર્મિક વિદ્વાન પોતાના વિદ્વતાપૂર્ણ જ્ઞાન અને જાણકારી છતાં શાંત રહે, કોઈને કાંઈપણ જણાવે નહીં તો એ પ્રશ્ન જરૂરથી ઉપસ્થિત થાય છે, આટલો મહાન વિદ્વાન હોવા છતાં તેણે પોતાના જ્ઞાન અને વિદ્વતાથી લોકોને કોઈ ફાયદો તો પહોંચાડ્યો નહી, તે શાંત રહ્યો, પોતાના જ્ઞાન અને વિદ્વતાને સંતાડી રાખી, કેમ લોકોને તેનો લાભ ન આપ્યો ?

એવી રીતે ખુદાવન્દે આલમ કે જે સર્વવિધાઓના જ્ઞાતા (જાણકાર) અને દયાળુ છે અને જે એવી શક્તિ પણ ધરાવે છે કે માટી અને ઘઉંના દાણામાંથી વિર્ય અને વિર્યથી માણસનું સર્જન કરી શકે, જો તે આ સૃષ્ટિ અને માનવજાતનું સર્જન ન કરે તો એ બાબત ટીકાપાત્ર થાત કે માનવજાત અને આ સૃષ્ટિનું સર્જન કરવાની શક્તિ ધરાવવા છતાં ખુદાએ કેમ પોતાની શક્તિનું પ્રદર્શન કર્યું નહીં, કેમ તેણે આ સૃષ્ટિ અને માનવજાતનું સર્જન કર્યું નહીં.



# રબીઉલ અવ્વલ માસની તારીખવાર ઘટનાઓ

## ૧-રબીઉલ અવ્વલ :




આજે રાત્રે જ પયગમ્બરે અકરમ (સ.અ.વ.)એ મક્કાથી મદીના તરફ હિજરત કરી હતી કેમકે કાફરો અને મુશરિકોએ આપને મારી નાંખવાના આશયથી આપના ઘરનો ઘેરો ઘાલ્યો હતો, અને આપણાં મૌલા અને આકા (અ.સ.)એ નબી (સ.અ.વ.)ની પથારી ઉપર સૂઈ જઈને વહાલા નબી (સ.અ.વ.)ના પ્રાણ બચાવ્યા હતાં. જેના બદલામાં ખુદાએ પોતાની મરજી મૌલાને આપી દીધી હતી અને ફરિશ્તાઓ થકી ઈમામ (અ.સ.)નું રક્ષણ કરાવ્યું હતું.

## ૩- રબીઉલ અવ્વલ :



કરબલાના પ્રસંગ પછી સને ૬૪ હિજરીમાં આજના દિવસે જ ખાનએ - કાઅબાને ઉજાડી નાંખીને તેને આગ લગાડી દીધી હતી.



E-mail : hadimasik@yahoo.com




## ૮- રબીઉલ અવ્વલ :

સન ૨૬૦ હિજરીમાં આજના દિવસે જ ઝેરની અસરથી આપણા અગિયારમાં ઈમામની શહાદત થઈ હતી. આપની વય ૨૮ વરસની હતી.



## ૯-રબીઉલ અવ્વલ :

(૧) આજના દિવસે સને ૨૬૦ હિજરીમાં આપણાં બારમાં ઈમામની ઈમામતનો આરંભ થયો હતો.

(૨) આજના દિવસે મુસલમાનોના બીજા ખલીફા ઉમર બિન ખત્તાબ મૃત્યુ પામ્યા હતા.

(૩) આજના દિવસે હઝરત ઈમામ હુસૈન (અ.સ.)નો એક કાતિલ ઉમર બિન સઅદ માર્યો ગયો હતો.

# આર્ટ ગેલેરી

વહાલા બાળકો, અહીં આપેલ ચિત્ર દ્વારા કુરઆનની આયાત દર્શાવવામાં આવેલ છે, હવે તમે તેની અંદર સુંદર મજાના મનગમતા રંગ પૂરો, જેથી આખુ ચિત્ર ખૂબ જ સુંદર લાગશે.

أَلَمْ نَجْعَلِ الْأَرْضَ مِهَادًا

અમે જમીનને ઝુલા જેવી બનાવી દઈશુ



ثُمَّ كَلَّا سَيَعْلَمُونَ

તમે જલ્દીથી ચોક્કસ રીતે જાણી લેશો



E-mail : hadimasik@yahoo.com

# બુધ્ધીહીન અને મૂરખની ઓળખ

શમઉનએ રસૂલે ખુદા સ.અ.વ. ને વિનંતી કરી કે "મને બુદ્ધીહીન - મુરખ વ્યક્તિની ઓળખના ચિહ્નો જણાવો. આપ સ.અ.વ.એ ફરમાવ્યું કે :

★ જો તમે તેની પાસે બેસશો તો તે તમને દુઃખ પહોંચાડશે.

★ જો તમે તેનાથી છુટા રહેશો તો તે તમને ભુંડો ચીતરશે.

★ જો તે તમને કાંઈ આપશે તો પછી તે ઉપકાર પ્રદર્શિત કરતો રહેશે.

★ જો તમે તેને કાંઈ આપશો તો કૃતઘ્નતા પ્રગટ કરશે.

★ જો તમે તેને કોઈ ગુપ્ત વાત કહેશો તો (તે વાતને તે જાહેર કરીને) તમારી સાથે વિશ્વાસઘાત કરશે.

★ જો તે સમૃદ્ધ થઈ જશે તો તે અભિમાની અને સ્વેચ્છાચારી બની જશે અને દરેકની સાથે સખ્તાઈપૂર્વક વર્તશે.

★ જો તે દરિદ્ર હશે તો ખુદાની નેઅમતોનો ઈન્કાર કરશે અને ગુનાહની પરવા નહીં કરે.

★ જો તે પ્રસન્ન થશે તો અનીતિ અને સ્વેચ્છાચાર કરશે.

★ જો દુઃ ખી થશે તો નિરાશ થઈ જશે.

★ જો તે રડશે તો જોર-જોરથી રડીને ફરિયાદ કરશે.

★ તે સારા માણસોની ચાડી-ચુગલી કરતો રહેશે.

★ જો તે હસશે તો જોરથી ખડખડાટ હસશે.

★ તે ખુદાને પ્રેમ નહીં કરે અને ખુદાની આજ્ઞાઓ (કાનુને ઈલાહી)ની અવહેલના કરશે.

★ તે ખુદાને યાદ નહીં કરે.

★ જો તમે તેને પ્રસન્ન કરી દેશો તો તે તમારી ખૂબ અતિશ્યોક્તિ સાથે પ્રશંસા કરશે અને તમારામાં જે ગુણો નહીં હોય તે ગુણોને પણ તમારા ગુણો તરીકે ગણાવશે.

★ જો તે તમારાથી નારાજ થઈ જશે તો તમારા સઘળા ગુણોને સંતાડશે, કોઈ પ્રશંસા નહીં કરે અને જે અવગુણો તમારામાં નહીં હોય તે અવગુણો પણ તમે ધરાવો છો તેવો પ્રચાર કરશે.



# બિનજરૂરી અને નકામો ખર્ચ

**અપવ્યય :** એટલે કે પૈસો અથવા સંપત્તિ થોડી માત્રામાં પણ કેમ ન હોય તેને વેડફી નાંખવી તે -

ખુદાવન્દે આલમ ફરમાવે છે કે : "ખાવો અને પીવો. પરંતુ (માલ-પૈસા-વસ્તુઓને) વેડફો નહીં કેમકે (સંપત્તિ અને વસ્તુઓને) વેડફી નાંખનારને અલ્લાહ પસંદ નથી કરતો" (સંપત્તિ-પૈસા અને વસ્તુઓને) વેડફી નાંખનાર જહન્નમી છે. અને (વસ્તુઓ - સંપત્તિ અને પૈસાને) ખોટી રીતે વેડફી નાંખનાર નિઃશંકપણે શયતનના ભાઈઓ છે અને શયતાન તો આપણા પરવરદિગારનો સૌથી મોટો, સૌથી વધારે ઈન્કાર કરવાવાળો (નહીં માનનારો) છે.

અમીરૂલ મોઅમેનીન હઝરત અલી અ.સ.થી રિવાયત છે કે જ્યારે અલ્લાહ કોઈ બંદા (વ્યક્તિ)ની ભલાઈ ઈચ્છે છે તો નિઃશંકપણે તેને સર્વશ્રેષ્ઠ કરકસર વૃત્તિ અને દીર્ઘદૃષ્ટિ આપે છે અને ખોટા માર્ગે જવાથી અને ખોટા ખર્ચાઓ કરવાથી બચાવે છે.

ઈમામ જાઅફરે સાદિક અ.સ.થી રિવાયત છે કેઃ શું એ જોયું (અનુભવ્યું) નથી કે જે વ્યક્તિ દાનવીર હોય છે તેને અલ્લાહ પ્રતિષ્ઠા આપે છે અને જે



E-mail : hadimasik@yahoo.com

વ્યક્તિ દાન આપવાની બાબતમાં આળસ કરે છે તેને મદદ કરવાની બાબતે અલ્લાહ હાથ રોકી લે છે અને એ પણ જાણી લો કે સઘળી સંપત્તિ અલ્લાહની સંપત્તિ છે જે તેણે લોકો પાસે થાપણ (અમાનત) તરીકે રાખી છે અને તેમને એટલી છૂટ આપી છે કે તેઓ તેમાંથી (એટલે કે અલ્લાહે તેમની પાસે જે સંપત્તિ થાપણ તરીકે રાખી છે તેમાંથી)મધ્યમમાર્ગ અપનાવીને તેઓ ખાય-પીએ, લગ્ન કરે - અને જે વધે તે ભિક્ષુકો (જરૂરીયાતવાળાઓ) માં વહેંચી દે. અને સંપત્તિ (પૈસા) વડે તે દરિદ્રોની દરિદ્રતાને દૂર કરે. જે વ્યક્તિ પણ આ પ્રમાણે વર્તશે તે હલાલ ખાશે - હલાલ પીશે અને હલાલ લગ્ન (નિકાહ) કરશે તે સિવાય જે કાંઈ છે તે તેના માટે હરામ છે અને નિર્રથક - નક્કામા ખર્ચાઓ ન કરો કેમકે ખોટા ખર્ચા કરનારાઓને અલ્લાહ પસંદ નથી કરતો (ચાહતો નથી)

આપનાથી એક રિવાયત એવી છે કે મધ્યમમાર્ગી હોવું તે એક એવું વર્તન છે જે અલ્લાહને પસંદ છે અને કોઈપણ વસ્તુને વેડફી નાંખવી તે અલ્લાહને પસંદ નથી એટલે સુધી કે તમે ખાધેલી ખજુરનો ઠળિયો પણ બીજા માટે ઉપયોગી હોય તો તેને ફેંકી દેવું અથવા તમારૂં વધેલું પાણીનું ફેંકી દેવું તે પણ તેને પસંદ નથી.



# પત્રાવલી

**વહાલા બાળકો, આ પાનું તમારૂં રહેશે. તમે કોઈ ધાર્મિક વાર્તા, કાવ્ય પંક્તિ, ચિત્ર કે ટુચકો વિગેરે મોકલશો. જેથી તમારૂં પોતાનું આ પાનું ભર્યું ભર્યું રહે !**

**સાથે આપનું નામ, સરનામું, ઉંમર લખવાનું ભૂલતા નહીં !**



ભૂગોળ જેવું

| ક્રમ | શિખરો | દેશ | ઉંચાઈ |
|---|---|---|---|
| ૧ | એવરેસ્ટ | નેપાળ | 8848 |
| ૨ | ગોડવીન ઓસ્ટીન | ભારત | 8611 |
| 3 | કંચન જંઘા | ભારત | 8586 |
| ૪ | નંદાદેવી | ભારત | 7817 |
| ૫ | કામેટ | ભારત | 7756 |
| ૬ | કૈલાસ | તિબેટ | 6714 |
| ૭ | અનાઈમુડી | ભારત | 2695 |
| ૮ | ગુરુશિખર | ભારત | 1722 |
| ૯ | મહાબળેશ્વર | ભારત | 1438 |
| ૧૦ | પંચમઢી | ભારત | 1350 |



**વસાયા મહેંદી હસન રમઝાનઅલી**

હાજીનાજી બોર્ડીંગ, આંબાચોક, ભાવનગર.



દેવજાણી સાબીર એન્ડ દેવજાણી અલી

રઝા રફિકભાઈ

ગામઃ નાગલપુર, અંજાર

**દેવજાણી સાબીર એન્ડ દેવજાણી અલીરઝા રફીકભાઈ**

નાગલપૂર તા. અંજાર, જી. કચ્છ.



હ. હસન અસ્કરી અ.

નામ : હ. હસન અ.

પિતા : હ. અલી નકી અ.

માતા : હ. હદીસા ખાતુન

દાદા : હ. મહંમદ તકી

દાદી : જ. સમાના ખાતુન

લકબ : અસ્કરી, હાદી, નકી

(સ્થળ) જન્મ : મદિના મુનવ્વરા

વય : 28

Naqui Ali nawaz
Haji naji Boarding
Bhavnagar

**નકવી અલીનવાઝ**

હાજીનાજી બોર્ડીંગ, આંબાચોક, ભાવનગર.

# ૧૭-રબીઉલ અવ્વલ



આજનો દિવસ ખુશાલી મનાવવાનો સૌથી મોટો દિવસ છે કેમકે આજના દિવસે સન-૧ આમુલફીલ (હાથીઓવાળા વરસ)માં આપણા નબી (સ.અ.વ.)ની અત્યંત શુભ (બા બરકત) વિલાદત થઈ હતી, અને સને ૮૩ હિજરીમાં આજના દિવસે ઈમામ સાદિક (અ.સ.)ની વિલાદત થઈ હતી.

## "હાદી" માસિકના મેમ્બર બનવા માટે સંપર્ક કરો :

| | | |
|---|---|---|
| અમદાવાદ | : | (૧) શબ્બીરભાઈ નુરાની ફોન : ૯૩૭૬૧ ૬૮૩૦૬ |
| | | (૨) મૌલાના ઝફરુલ હસન ફોન : ૯૩૨૭૫ ૩૬૬૩૮ |
| | | (૩) ઝાકીરભાઈ મોમીન ફોન : ૯૩૨૭૦ ૪૧૩૧૪ |
| ભાવનગર | : | મુસ્તાકભાઈ વિરાણી ફોન : ૯૮૨૪૫ ૩૮૧૧૪ |
| મહુવા | : | મેંહદીરઝા એમ. ભંભેરા ફોન : ૯૯૨૪૩ ૨૭૨૨૭ |
| કાણોદર | : | નૌશાદભાઈ,જાફરી ચેનલ ફોન : ૯૯૯૮૭ ૭૩૬૧૧ |
| મેતા | : | મોહસીનભાઈ કડીવાલ ફોન : ૯૮૯૮૩ ૬૯૦૮૯ |
| ભરૂચ | : | મુશ્તાકઅલી પાનવાલા ફોન : ૯૮૨૪૨ ૪૩૦૫૧ |
| સેલવાસા | : | ગુલામ અબ્બાસભાઈ દેવજાણી ફોનઃ ૯૮૨૫૯ ૯૯૯૭૮ |
| ધોળકા | : | કમરઅલીભાઈ મોમીન |
| ડેડીયાપાડા | : | રિઝવાનહુસૈન અમીરઅલી રાજાણી ફોન : ૯૪૨૭૧ ૭૫૨૩૧ |
| તળાજા | : | મોહસીન અલી જી.ભૂરાણી ફોન : ૯૯૧૩૬૦૭૧૧૦ |
| રાજૂલા | : | મૌલાના હસન મહદી ફોન : ૯૯૦૪૧૪૬૧૧૦ |
| સિહોર | : | હસનઅલી વજીરઅલી વસાયા ફોન : ૯૮૭૯૯૬૯૮૬૮ |
| અંજાર | : | રફીકભાઈ ખોજા ફોન : ૯૯૨૫૩ ૧૮૬૨૧ |
| કચ્છ | : | મુશ્તાક હસૈન અબ્દુલ હુસૈન માસ્ટર ફોન : |
| રૂસ્તમપુરા | : | સૈયદ આશીક હુસૈન ફોન : ૯૮૨૪૧ ૧૯૩૭૨ |
| મુંબઈ | : | અલઈમાન બુક સેન્ટર (પાલાગલી) ફોન : ૯૮૧૯૦૧૦૨૨૮ |

**ટુરીંગ એજન્ટ : શબ્બીરઅલી હસનઅલી પ્રમાણી ફોન : ૯૪૨૬૪ ૬૧૪૯૨**

**નોંધ :** સભ્ય તથા એજન્ટ મિત્રોને નમ્ર અરજ છે કે નવા વર્ષનું લવાજમ મોકલી આપવા વિનંતી.





## HADI MASIK

Publishers : **Hauza-e-Ilmiyah Imam Khomaini (R.A.)**

Goldenpark, Vatva, Ahmedabad. (Guj.) INDIA - 382440. Ph. : 079-25892786, +91-94266 78614, +91-94266 78612

E-mail : hadimasik@yahoo.com Website : www.hadikids.org

*Printed by : PRINTWELL PRINTERS, Ahmedabad. (M) 9898001474*